# ગઝલ

## રાકેશ સગર 'સાગર'

**.1.**

સમયને સાંકળે બાંધી શકો તો વાત જુદી છે,
ગ્રહોની ચાલ બદલાવી શકો તો વાત જુદી છે.

જગત આખુંય યાચક ને ખુદા છે એકલો દાતાર,
કશું ના માંગવું, માંગી શકો તો વાત જુદી છે.

અરીસો સાફ કરશો તો ચમક આવી જશે પાછી,
તમે યૌવન પરત લાવી શકો તો વાત જુદી છે.

દીવાલો તોડવાનું છે સરળ મસ્જીદ-મંદીરની,
તીરાડો ધર્મની સાંધી શકો તો વાત જુદી છે.

વધેલી ડાળ કાપી નાંખવામાં છે સમજદારી,
વધારેલો અહમ્ કાપી શકો તો વાત જુદી છે.

નહીં પ્હોંચી શકો 'સાગર' સુધી એનું દરદ જોવા,
નદીના દર્દને જાણી શકો તો વાત જુદી છે.

.2.

અંધશ્રદ્ધાને જ શ્રદ્ધા માનવા તૈયાર છે,
લોક પથ્થરનેય ખુદા માનવા તૈયાર છે.

મંદીરે માથું મુકી દે એટલી શ્રદ્ધા નથી,
એક-બે શ્રીફળની બાધા માનવા તૈયાર છે.

તું ભીતરના જીનને તારો હુકમ ફરમાવી જો,
એ તને સાચે જ આકા માનવા તૈયાર છે.

કેટલા નીચા ગયા છે માંગનારાઓ જુઓ,
ગાળ આપો તોય દુવા માનવા તૈયાર છે.

દીકરો જો અવતરે તો એને કાનો માનશે,
દીકરીને કોણ રાધા માનવા તૈયાર છે!

મુકી આવ્યો છોકરો મા-બાપને ઘરડાં-ઘરે,
જે ગલીની ગાયને 'મા' માનવા તૈયાર છે.

મેં પ્રથમ સ્વીકારી લીધું પ્રેમથી એનું કુરાન,
એ હવે 'સાગર'ની ગીતા માનવા તૈયાર છે.

.3.

તમારી બધી ધારણાથી અલગ છું,
મને ધારશો ના બધાથી અલગ છું.

જુદી માટી છે ને જુદા કાયદા છે,
ચીલાચાલુ તારી સજાથી અલગ છું.

તું ભાષણ કરે ને હું બસ તાળી પાડું,
હું આ એક તરફી સભાથી અલગ છું.

હું શંકર સ્વરુપે પડ્યો છું કીનારે,
પગે ખુંચતા કાંકરાથી અલગ છું.

પીધાં બાદ હું ભાનમાં આવું છું, દોસ્ત,
નશાની દયામય દશાથી અલગ છું.

લીલાની કે ભગવાની વાતો જવા દો,
તમારા ધરમની ધજાથી અલગ છું.

મેં ખારાશ 'સાગર'ની દીલમાં ભરી છે,
ઉછળતી નદીની મજાથી અલગ છું.

.4.

જરાયે આંચ ના આવે ટકાવેલી ખુમારીને,
સમજદારીથી ખેંચું છું જીવનની હાથલારીને.

દલાલો ખુદ તમે નીમ્યા હતા ઈશ્વરકૃપા માટે,
હવે ના દોષ આપો, મૌલવીને કે પુજારીને.

તમે બસ, માંકડું સોટીની સામે નાચતું જોયું,
અમે રોટીની સામે નાચતો જોયો મદારીને.

વધે દુ:ખ તો જુનાં દુ:ખ થાય છે હળવાં હકીકત છે,
સુખી ના થઈ શકાયું આપણાથી સુખ વધારીને.

પ્રશંસા શું કરી નાખી કોઈએ એની સેલ્ફીની!,
હવે એ આઈના સામે જુએ છે ધારી ધારીને.

દલીલો યુદ્ધ પર કરતા રહ્યા  બુદ્ધીજીવી લોકો,
જવાને મુકી દીધું માથું, સરહદ પર ઉતારીને.

હું 'સાગર'ના ગળાનો ગાળીયો કાપીને આવ્યો છું,
તમે શંકાની નજરે ના જુઓ કાયમ કટારીને.

.5.

ચઢાવ્યાં લીંબુ ને મરચાં જવારા પર,
છતાં તબીયત નથી આવી સુધારા પર.

નગરમાં આપમેળે શાન્તી થઈ જાશે,
મારી ગઝલો છપાવો ભાઈચારા પર.

તમારી પ્રાર્થનામાં દમ નથી કે શું?
કયો ગુસ્સો ઉતારો છો નગારા પર!

ન આવે ઉંઘ એ આકાશ ફંફોળે,
ન જાણે શું હશે, એ ચાંદ તારા પર?

સતત કુદરતની ગઝલો સાંભળી છે મેં,
નદી, સરવર, ઝરણની વહેતી ધારા પર.

નયનમાં એક સુંદર જલપરી આવી,
ઉભી છે સ્વપ્નના ભીના કીનારા પર.

રખડતી જોઈ શેર–ઓ શાયરી ‘સાગર’,
ખખડધજ થઈ ગયેલા સૌ ખટારા પર.

.6.

દવા ઓછી પડી કે ના દુઆ ઓછી પડી,
જીવન માટે બધી સંભાવના ઓછી પડી.

બીમારીનું ખરું કારણ મને વૈદ્યે કહ્યું,
તમોને શહેરમાં તાજી હવા ઓછી પડી.

નહીંતર આખી મહેફીલને રડાવી જાત હું,
ગઝલના શેરમાં થોડી વ્યથા ઓછી પડી.

સફળતા ના મળી એનું સરસ બહાનુંય છે,
અમે માની હતી એ માનતા ઓછી પડી.

નયનમાં ડુબવાનું સાચું કારણ એ જ છે,
પ્રણય માટેની મારી ધારણા ઓછી પડી.

રજુ કઈ રીતથી કરવી હૃદયની લાગણી,
ઘણું કહેવું હતું 'સાગર', કલા ઓછી પડી.

**.7.**

વાત સર્કસની કહો ક્યાં ખુશખબરી જેવી છે,
માણસોની મજબુરી પણ વાઘ-બકરી જેવી છે.

કઈ ઘડીએ દર્દ આપે એ કહી શકતો નથી,
યાદ એની કીડનીમાં રહેલી પથરી જેવી છે.

આપ મોડા આવીને મારી કસોટી ના કરો,
મારી શ્રદ્ધા ને ધીરજ વનવાસી શબરી જેવી છે.

બે ઘડી વંટોળ લાવીને તરત બેસી જશે,
મનની ઈચ્છા દુર ઉડતી કોઈ ડમરી જેવી છે.

આગ ચાંપી ના શક્યો એની ચમકને જોઈને,
વાસનાઓ બહારથી રાવણની નગરી જેવી છે.

એ હૃદયને રોજ 'સાગર' થોડું-થોડું ખોતરે,
જાત એની લાકડામાં રહેલી ભમરી જેવી છે.

.8.

પ્રથમ સાધુની લાંબી દાઢી વધે છે,
પછી એની જાહોજલાલી વધે છે.

કીનારા સુધી પ્હોંચવા કર ઉતાવળ,
નદીમાં ધીમે ધીમે પાણી વધે છે.

વધે માન મોભો, વધે નામ તારું,
અમારી અહીં ખાનદાની વધે છે.

કુણા ઘાસની જેમ વાઢું છું કાયમ,
બહુ ઝડપી મારી ઉદાસી વધે છે.

અનુભવ કે ડહાપણ વધે તો બરાબર,
સમય સાથે કેવળ બીમારી વધે છે.

ભીતર આંસુ ના સંઘરી રાખ 'સાગર',
તુટે બંધ તો પાયમાલી વધે છે.

.9.

મને પહેરી લીધો એણે નવા શણગારની માફક,
ઉતારી પણ શકે કાલે જુના ઉતારની માફક.

હદય એનું બરાબર લોકશાહી રીતે ચાલે છે,
મને ઉથલાવી દીધો પાછલી સરકારની માફક.

ટકોરા ખાઈ ખાઈને ઘણું થાકી જવાયું છે,
રહું છું, હું હવે કાયમ ઉઘાડા દ્વારની માફક.

છુપાં પગલે તું આવીને મને હેરાન ના કરતી,
મુસીબત આવ સામે, પણ નવા પડકારની માફક.

તમારે મન ગઝલ કેવળ ગઝલ છે, હોય બીજું શું?
અમારે મન ગઝલ છે રક્તના સંચારની માફક.

હવે હું મ્યુઝીયમના એક ખુણામાં સુશોભીત છું,
જમાનાએ મને ફેંક્યો હતો ભંગારની માફક.

કીનારે જઈ નથી શકતો, જગા છોડી નથી શકતો,
મળી છે જીન્દગી 'સાગર' મને મઝધારની માફક.

.10.

નજર સામે જ ખોટું થાય તો પણ બોલવાનું નૈં,
ભલે તારાથી ના સહેવાય તો પણ બોલવાનું નૈં.

અહીં ઉભા બજારે કોઈ ખેંચે દ્રૌપદીના ચીર,
દશા તારાથી ના જોવાય, તો પણ બોલવાનું નૈં.

લડે છે ગામ વચ્ચે બે વીરોધી આખલા અલમસ્ત,
ખડે ચોકે અહમ્ ટકરાય તો પણ બોલવાનું નૈં.

ગુલામી ઘર કરી ગઈ છે બધાંના વારસામાં, દોસ્ત,
ફરીથી દેશ આ લુંટાય તો પણ બોલવાનું નૈં.

દલાલી થાય છે તાજી કળીઓની, ફુલોની રોજ,
ચમનની લાગણી દુભાય તો પણ બોલવાનું નૈં.

જગતના જીવતાં તીરથ સમાં મા–બાપ દુ:ખી છે,
ને પથ્થર ગોખલે પુજાય તો પણ બોલવાનું નૈં.

સફર 'સાગર'ની ખેડો તો સહન કરવાં પડે વીઘ્નો,
લહર છાતી ઉપર અથડાય તો પણ બોલવાનું નૈં.

.11.

પ્રથમ મનમાં પછી આખા બદનમાં આગ લાગી છે,
બદનમાંથી એ વ્યાપી તો જીવનમાં આગ લાગી છે.

બધાં ભેગાં મળીને તાપણું કરતાં હતાં સાંજે,
ધરમની આંધી આવી ને વતનમાં આગ લાગી છે.

બીજાની ઝુંપડી બાળી ઘણાંને થાય છે ટાઢક,
સળગતાં રાજકારણથી અમનમાં આગ લાગી છે.

બચાવી લો કુણા ટહુકા, કળીઓની નજાકતને,
ભભકતી વાસનાઓથી ચમનમાં આગ લાગી છે.

બદલ લાવી નથી શકતા, જગતના ધર્મગ્રંથો કંઈ,
તમારી બાંગમાં – મારા ભજનમાં આગ લાગી છે.

ઘણાં હુલ્લડ મેં જોયાં છે, અમીરોનું ગયું છે શું?
ગરીબોનાં જીવનમાં ને કફનમાં આગ લાગી છે.

નગરની આગ પર કાબુ સહજ લાવી શકાશે, પણ;
અહીંયાં સૌનાં ચીંતનમાં, મનનમાં આગ લાગી છે.

બચીને ક્યાં જવાના છો? ધરમની આ ધજાઓથી,
અહીં ધરતી, મહા'સાગર', ગગનમાં આગ લાગી છે.

.12.

દીકરી પરણાવીને ક્યાં બાપનો મોભો ગયો,
એમ લાગ્યું બાપને રમઝાનનો રોજો ગયો.

લાગણીની  થાપણો વપરાઈ ગઈ વર્ષો જુની,
દીકરીનાં લગ્નનો અવસર ઘણો મોંઘો ગયો.

ક્યાં ગરીબો કે અમીરોની કથામાં ભેદ છે?
બેઉ કહેશે આંગણે અવસર ઘણો મોટો ગયો.

આખું ઉપવન સાવ સુનું થઈ ગયું છે રાતમાં,
બાગમાંથી જ્યાં અચાનક એક ગલગોટો ગયો.

આંસુ આંખોમાં હૃદયમાં રંજ મુખ પર છે ખુશી,
આજ મન પરથી ખુશીનો એક સમજોતો ગયો.

દીકરીનો ભાર તો ફુલોથી હળવો હોય છે,
કોણ કહે છે છાતી પરથી બાપની બોજો ગયો!

બાળપણની યાદ 'સાગર', એમ ચાલી નીકળી,
પાણીમાંથી જે રીતે એકાદ પરપોટો ગયો.


## રાકેશ સગર 'સાગર'

કવી સમ્પર્ક: A/2-48, દ્વારકા નગરી, બાપોદ વૃંદાવન ચોકડી પાસે,
રંગ-વાટીકા પાછળ, વાઘોડીયા રોડ, વડોદરા
Mobile : 9925661795
eMail : rakeshsagar997@gmail.com
Face book : https://www.facebook.com/rakesh.sagar.353


@@@


'સન્ડે ઈ.મહેફીલ'ના આ અંકના અતીથી સમ્પાદકો, સુરતના યુવા ગઝલકારો ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર – (gaurang_charu@yahoo.com) અને ભાઈ શ્રી સુનીલ શાહ (sunilshah101@gmail.com)નો ખુબ ખુબ આભાર..


@@@


'સન્ડે ઈ.મહેફીલ' - વર્ષ : ચૌદમું - અંક : 427 – May 26, 2019
'ઉંઝાજોડણી'માં : અક્ષરાંકન સુનીલ શાહ - sunilshah101@gmail.com


@@@

ગુજરાતી ભાષાની સર્જાયેલી અને સર્જાતી આવી પ્રશીષ્ટ કૃતીઓ વાંચવાનો શોખ અને અવકાશ હોય તો

તમારું નામ, સરનામું, કૉન્ટેક્ટ નંબર, આઈડી.. વગેરે માહીતી મોકલી મને લખજો..

તમને પણ અમારી આ ‘સન્ડે ઈ.મહેફીલ’ દર પંદર દીવસે,

એક મેલ સાથે અલગ પીડીએફરુપે મળતી રહેશે..

–ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com અને

–મૈત્રી શાહ - maitri@gujaratilexicon.com

@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,60,89,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 1,20,83,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 10,62,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 12,97,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@